ટેરી ફોક્સની વાર્તા

પડકારનો સામનો કરવાનું મૂલ્ય

એન જોનસન

ટેરી ફોક્સની વાર્તા

પડકારનો સામનો કરવાનું મૂલ્ય

એન જોનસન

ઘણા સમય પહેલાની વાત છે, ટેરી ફોક્સ નામનો એક છોકરો કેનેડાના પશ્ચિમ કિનારાના પોર્ટ કોકવીટલામમાં મોટો થઈ રહ્યો હતો.

આમ તો ટેરી એક સાધારણ છોકરો હતો. "એક સરેરાશ છોકરો," એ પોતાની જાતને એક સાધારણ છોકરો માનતો હતો. અને બધા લોકોની જેમ, એ એક સાધારણ જીવન જીવવાનું વિચારતો હતો.

જેમ આપણે જોશું, એનું જીવન એવું જરાય ન થયું.



ફોક્સનો એક પ્રેમ કરવાવાળો પરિવાર હતો. બધા - ટેરી પોતે, એના માતા-પિતા, રોલી અને બેટ્ટી, એના ભાઈ, ફ્રેડ અને ડારેલ, અને એની બહેન જુડિથ - દ્રઢ મનોબળવાળા લોકો હતા.

એટલે ફોક્સ પરિવારમાં હંમેશા ઘણી બધી મસ્તી-મજાક સાથે ઘણા વાદવિવાદ અને ચર્ચા પણ થતા હતા. એટલે ટેરી તર્ક કરવામાં હોશિયાર થઈ ગયો હતો.

ટેરી ફોક્સ એક વાતને છોડીને બધી રીતે સાધારણ હતો.

ટેરીને પડકાર પસંદ હતા. એક વાર જો એ કંઈ શરુ કરતો તો એને પૂરું કર્યા વગર હાર માનતો ન હતો.

એ જયારે બહુ નાનો હતો ત્યારે એના લાકડાના બ્લોક્સને એક-બીજાની ઉપર રાખીને એને જોઈએ એ રીતે ગોઠવાય નહીં ત્યાં સુધી મહેનત કરતો હતો. એ ક્યારેય હાર માનતો ન હતો.

થોડા સમય પછી એણે નવી રમતો શોધી અને એણે રમવાનું ચાલુ રાખ્યું, પણ રમવાનું છોડયું નહીં. એ જે કામ શરુ કરતો એને હંમેશા પૂરું કરતો હતો.

"ટેરી, હવે બહુ થયું. હવે જમવા આવ!" એની માઁ એને બોલાવતી હતી.

"ભલે માઁ," એનો હંમેશ મુજબનો જવાબ રહેતો, "હું આવું છું."



જેમ જેમ એ મોટો થતો ગયો, ટેરીએ પોતાને માટે ઘણા નવા પડકારો પસંદ કર્યા. બાસ્કેટબોલ એમાંથી એક હતો. ટેરી એની ઉંમરના હિસાબે વામણો હતો, પણ એણે એની સ્કૂલની ટીમમાં સ્થાન મેળવવાનું નક્કી કરી લીધું હતું.

એક દિવસ ટેરી અને એનો મિત્ર ડગ અલવર્ડ, સ્કૂલ પછી વાતચીત કરી રહ્યા હતા. ટેરી અચાનક ઉછળી પડયો.

"ચાલ, ડગ," એણે કહ્યું. "હવે બેસવાનું બહુ થઈ ગયું. ચાલ રાતના ભોજન પહેલા થોડી વાર બાસ્કેટબોલનો અભ્યાસ કરીયે."

"મને થોડો આરામ કરવા દે!" ડગે મોટેથી કહ્યું. "આઠમી કક્ષામાં તું એક જ એવો છાત્ર હોઈશ જે ચોવીસ કલાક બાસ્કેટબોલ વિષે વિચારે છે." પણ હંમેશની જેમ ડગ એની સાથે ગયો.

"મને કહે," ડગે રમતા-રમતા પૂછ્યું, "આજે તું પ્રેક્ટિસ માટે ગયો ત્યારે કોચે તને શું કહ્યું?"

"ખાસ કંઈ નહીં," ટેરી ધીમેથી બોલ્યો.

"સ્કૂલ પછી તું બહુ અસ્વસ્થ લાગી રહ્યો હતો. એણે જરૂર કંઈક કહ્યું હશે," ડગે જોર દઈને કહ્યું.

ટેરીએ નિસાસો નાખ્યો. "કોચે કહ્યું કે બાસ્કેટબોલ માટે હું બહુ વામણો છું. એને લાગે છે કે હું કુશ્તી લડવા માટે વધારે સારો છું."

કોચને એ ખબર ન હતી કે ટેરી માટે જો કોઈ કામ મુશ્કેલ હોય તો એ ટેરી માટે એક પડકાર બની જતું હતું. પછી ટેરી એને પૂરું કરવાનો પ્રયાસ કરતો હતો.

ટેરીએ બાસ્કેટબોલમાં પહેલા કરતા ઘણી વધારે મહેનત કરી. એણે ડગ સાથે અભ્યાસ કર્યો, અને સાથે ખેતરો અને વગડામાં થઈને દોડવાનો અભ્યાસ પણ કર્યો.

"મને દોડવું ગમતું નથી," એણે ડગને કહ્યું. "પણ કોચે કહ્યું કે એનાથી મારામાં સુધારો થશે."

કોચને ત્યારે બહુ આશ્ચર્ય થયું જ્યારે ટેરીને ટીમમાં લઈ લેવામાં આવ્યો. એ ટીમ માટે પસંદ કરવામાં આવેલો છેલ્લો ખેલાડી હતો. શરૂઆતમાં એ રમતમાં બહુ રમતો ન હતો, પણ એનામાં એકધારો સુધારો થતો ગયો.

થોડા સમયમાં ટેરી હાઈ સ્કૂલમાંથી સ્નાતકની ડિગ્રી મેળવવાનો હતો. પિતાને ટેરી ઉપર બહુ ગર્વ હતો.

"મારો ટેરી નિશ્ચિતરૂપથી બધાથી થોડો અલગ છે," એણે રેલયાર્ડમાં એના મિત્રોને કહ્યું, જ્યાં એ કામ કરતા હતા. "એને લગભગ બધામાં A ગ્રેડ મળ્યા છે, હાજી. એ મેળવવા એને માટે બહુ મોટો પડકાર હતો. સાથે હાઈ સ્કૂલની બાસ્કેટબોલ ટીમમાં પસંદગી મેળવવી પણ એને માટે એક મોટો પડકાર હતો."

ટેરિના પિતાએ રેલયાર્ડમાં એના મિત્રો સામે બડાઈ હાંકવાનો આનંદ લીધો. "એને ન કેવળ બાસ્કેટબોલ ટીમમાં પસંદ કરવામાં આવ્યો," એણે સ્મિત કરતા કહ્યું, "પણ એ અને એના મિત્ર ડગને એથ્લીટ ઓફ થઈ ઈયર પદક માટે પણ પસંદ કરવામાં આવ્યા."

રોલી ફોક્સને એના દીકરા પર ગર્વ હતો. ટેરીએ અરજી લખી અને એને સાઈમન ફ્રેઝર વિશ્વવિદ્યાલયમાં પ્રવેશ મળી ગયો.

"આ કિનેસિઓલોજી (સ્નાયુગતિ વિજ્ઞાન) કયો વિષય છે જે તું ભણી રહ્યો છે?" એના મિત્રએ પૂછ્યું.

"એ શરીરની ગતિનું અધ્યયન છે," ટેરીએ ઉત્તર આપ્યો.

ટેરીની હંમેશની જેમ બાસ્કેટબોલમાં રુચિ હતી, અને ફરી એક વાર ખુબ મહેનત પછી એ ટીમમાં પસંદગી પામ્યો.

પણ એ પહેલા કે વિશ્વવિદ્યાલયમાં એ પહેલું વરસ પૂરું કરતો, કંઈક બહુ દુઃખદ થયું.





ટેરીને ઘણા અઠવાડિયાથી એના જમણા ઘૂંટણમાં પીડા થતી હતી. પહેલા એણે એને ગણકારી નહીં, અને બાસ્કેટબોલની સીઝન પૂરી થવાની રાહ જોવાનો ફેંસલો કર્યો. પણ અચાનક એની હાલત એટલી ખરાબ થઈ ગઈ કે એ ઉભો પણ રહી શકતો ન હતો.

ટેરીના માતા-પિતા એને હોસ્પિટલ લઈ ગયા. પરીક્ષણમાં ખબર પડી કે ટેરીને કેન્સર હતું. એ એનો પગ ખોવાનો હતો. ડોકટરે જયારે એને જણાવ્યું તો ટેરી રડવા લાગ્યો.

"પણ હું મારો પગ ખોઈ ન શકું," એણે વિરોધ કર્યો. "હું એક રમતવીર છું!"

"હું સમજુ છું કે તમને કેવું લાગતું હશે," ડોકટરે ઉત્તર આપ્યો.

"કોઈ સમજી નહીં શકે કે મને કેવું લાગે છે," ટેરીએ ચુપચાપ કહ્યું.

જોકે, ટેરી સાચો હતો. કોઈ પણ એના દુઃખને સમજી શકતું ન હતું, પણ એમણે નિશ્ચિતરૂપથી કોશિશ કરી. એના પરિવારે, એના કોચે, ડગ અને એના અન્ય મિત્રોએ ટેરીને અદભુત સમર્થન આપ્યું. "બધા લોકોએ મારી ખરેખર મદદ કરી અને એનાથી મને બહુ બળ મળ્યું," ટેરીએ પાછળથી કહ્યું.

એ નિશ્ચિતરૂપથી અત્યાર સુધીના ટેરીના જીવનનો સૌથી મોટો પડકાર હતો.

અને ટેરીએ હંમેશની જેમ એ પડકારનો એના દ્રઢ સંકલ્પથી સામનો કર્યો. છ અઠવાડિયા પછી, ટેરીનો એક કૃત્રિમ પગ હતો અને હાથમાં એક ચાલવાની લાકડી હતી. ટેરી પિતાને એના કામ પર મળવા ગયો. ટેરીની આટલી સારી હાલત જોઈને પિતાના મિત્ર ખુશ થયા અને એમણે ટેરીના સાહસની પ્રશંસા કરી.

"તારો બહુ હિમ્મતવાળો દીકરો છે," એમણે કહ્યું. પણ રોલીને એ જણાવવાની જરૂર ન હતી. એ જાણતો હતો.

"ચાલો પિતાજી, આપણે બેટ-બોલ રમીયે, જેનો તમે વાયદો કર્યો હતો," ટેરીએ કહ્યું.

એ રાતે, ટેરીએ એની હાલત ઉપર અને એના ભવિષ્ય વિષે વિચાર્યું. એ એના માતા-પિતાના ઘરની બહાર પગથિયાં પર બેઠો હતો.

"બધાએ મારી સહાયતા કરી છે," એણે વિચાર્યું, "હવે મારે બધાને ખુશ કરવા જોઈએ. મારા બાસ્કેટબોલ કોચ ટેરી ફ્લેમિંગ પણ હોસ્પિટલમાં મને મળવા આવ્યા ત્યારે ઉદાસ લાગતા હતા. એ નથી સમજતા કે અંદરથી મને કેવું લાગે છે. આ એક નવો અને મોટો પડકાર છે. પણ હું કરી શકીશ!"

ટેરીએ એના ખીસ્સામાંથી એક ઘડી વાળેલી પત્રિકાનો લેખ કાઢ્યો. એણે કાગળને ધ્યાનથી ખોલ્યો. કોચે એને એ લેખ હોસ્પિટલમાં આપ્યો હતો. એ લેખ એક દોડવીર ડિક ટ્રોમ વિષે હતો, જેને પણ એક કૃત્રિમ પગ હતો, પણ એણે ન્યુયોર્ક મેરેથોનમાં ભાગ લીધો હતો. "ઠીક છે, જો ડિક એ કરી શકતો હોય," ટેરીએ વિચાર્યું, "તો હું પણ એવું જરૂર કરી શકું છું! હકીકતમાં, હું ન્યુયોર્ક મેરેથોનમાં દોડવાથી કંઈક વધારે કરીશ."

"મારી પાસે એક સ્વપ્નું છે, મારી સામે એક પડકાર છે. હું આખા કેનેડામાં સમુદ્રના એક કિનારેથી બીજા કિનારા સુધી દોડીશ. આ મારી "મેરેથોન ઓફ હોપ" હશે, અને એમાં હું જે પણ ધન ભેગું કરી શકીશ, એ કેન્સરના સંશોધન માટે જશે."

શું તમને લાગે છે કે ટેરી એવું કરી શકશે?

આગળ સોળ મહિના સુધી ટેરી વિશેષ ઉપચાર માટે હોસ્પિટલમાં રહ્યો. હોસ્પિટલના એના અનુભવોએ એને કેન્સર સામે લડવા માટે હજી વધારે દ્રઢ સંકલ્પનો અનુભવ કરાવ્યો. જે સાહસથી બીજાઓએ બીમારીનો સામનો કર્યો એ પ્રત્યક્ષ જોઈને એ એની મદદ કરવા ઈચ્છતો હતો.

એ દરમ્યાન ટેરી એક બહુ ખાસ મિત્રને મળ્યો. એનું નામ રિકા હતું. એ વીસ વર્ષની હતી. રિકાએ વ્હીલચેર વોલીબોલ કોચની હૈસિયતથી વિકલાંગ ખેલાડીઓની મદદ કરી હતી. રિકા ટેરીને ત્યારે મળી જયારે એ વ્હીલચેર બાસ્કેટબોલ રમી રહ્યો હતો.

ટેરીએ રિકાને આખા કેનેડામાં દોડવાના એના સ્વપ્ન વિષે જણાવ્યું. "મને લાગે છે કે આ એક અદભુત વિચાર છે!" રિકાએ કહ્યું. "પણ એ માટે તારે પ્રાયોજકોની જરૂર પડશે." ટેરી એની વાતથી સહમત હતો.

રિકાએ સૂચન કર્યું,"તું જે કરવાનું વિચારી રહ્યો છે એના વિષે થોડી મોટી કમ્પનીઓને લખ અને એને તારી યોજના સમજાવ."

"સારો વિચાર છે," ટેરીએ કહ્યું. એણે પત્રો લખવા શરુ કર્યા. એણે કમ્પનીઓને "મેરેથોન ઓફ હોપ" ને કોઈ પણ રીતે સમર્થન આપવા માટે અપીલ કરી.

ટેરીએ એના મેરેથોનની તૈયારી શરુ કરી દીધી. શરૂઆતમાં એ ટૂંકા અંતર સુધીજ દોડયો, પણ દરેક દિવસે એ થોડું વધારે દોડતો હતો. સાત દિવસોમાં જ ટેરી એક માઈલ દોડતો હતો.

એક દિવસ, જયારે ટેરી દોડીને થોડો આરામ કરવા બેઠો હતો, ત્યાં અચાનક એને બે નાના અવાજો સંભળાયા.

"હેલો ટેરી!" એ કહેતા હોય એવું લાગ્યું. "અમારા નામ સ્પીડી અને સ્પંકી છે." (ગતિ અને જુસ્સો.)

ચોંકીને ટેરીએ નીચે જોયું જ્યાંથી અવાજ આવતો હોય એવું લાગતું હતું. એને લાગ્યું કે એ કલ્પના કરી રહ્યો છે, કારણકે એના દોડવાના બુટ પર બે સ્મિત કરતા નાના ચહેરા એને જોઈ રહ્યા હતા.

"ગભરા નહીં, ટેરી," એ હસ્યા, "અમે ફક્ત તારા મિત્ર બનવા ચાહિયે છીએ."

ટેરીએ એક પળ માટે વિચાર કર્યો અને કહ્યું, "ઠીક છે, આ પડકારનો સામનો કરતી વખતે મારે નિશ્ચિત રૂપથી મારા બુટની જરૂર પડશે."

પોતાની ક્ષમતાને પરખવા ટેરીએ પ્રિન્સ જ્યોર્જ મેરેથોનમાં પ્રવેશ મેળવ્યો. એ ફક્ત અડધે સુધી દોડવાનું વિચારી રહ્યો હતો, પણ ડગ પાસે ટેરી માટે અલગ યોજના હતી.

"ચાલ ટેરી, તું આખી રેસ પૂરી કરી શકીશ," ડગે એને પ્રોત્સાહન આપ્યું. ડગ જાણતો હતો કે ટેરી હંમેશા એક પડકાર પસંદ કરતો હતો. અંતમાં ટેરી મેરેથોન પૂરું કરી શક્યો.

"તું કરી શક્યો! તું કરી શક્યો!" સ્પીડી અને સ્પંકીએ ચીસ પાડી અને ટેરીએ ખુશીથી સ્મિત કર્યું.

એક દિવસ જયારે રિકા ટેરી સાથે દોડી રહી હતી, ત્યારે એ કેનેડાના રાષ્ટ્રીય રેલવેના સ્વીચમેનને મળ્યા, જે ટેરીના પિતા સાથે કામ કરતો હતો.

"હેલો ટેરી," સ્વીચમેને સ્મિત કર્યું, "તું કેમ છે?"

"બહુ સારો," ટેરીએ સ્મિત કરતા કહ્યું, "જે વ્હીલચેર તમે લોકોએ મારે માટે ખરીદી હતી એને માટે આભાર. એણે મને શાનદાર માઈલેજ આપ્યું છે."

"હા, અમે સાંભળ્યું છે કે તું તારા મિત્ર ડગ સાથે ટ્રેક પર દોડી રહ્યો છે અને વ્હીલચેર બાસ્કેટબોલ પણ રમી રહ્યો છે. આગળ શું કરવાનો વિચાર છે?"

ટેરી હસ્યો. રિકાએ ગર્વથી કહ્યું, "ટેરી વેનકોવર કેબલકારની વ્હીલચેર બાસ્કેટબોલ ટીમમાં છે. એ ફાઇનલમાં પ્રથમ સ્થાને આવ્યા છે."

"કેમકે ટેરી ટીમમાં હતો કદાચ એટલે એ સંભવ થયું છે," સ્પીડી અને સ્પંકીએ કહ્યું.

"હું સતત એકસો ને એક દિવસ દોડયો," ટેરીએ ગર્વથી કહ્યું. "કદાચ હું એનાથી વધારે કરી શકત પણ મેં માઁ માટે ક્રિસ્મસના દિવસે રજા લેવાનો વાયદો કર્યો હતો. આ મારા પ્રશિક્ષણનો એક ભાગ છે," એણે કહ્યું. અને પછી એણે કેન્સરના સંશોધન માટે પૈસા ભેગા કરવા સમગ્ર કેનેડામાં દોડવાની એની યોજના વિષે જણાવ્યું. રેલકર્મીને એના કાનો પર વિશ્વાસ ન થયો.

"ટેરી, શું તું ગાંડો થઈ ગયો છે!" એ જોરથી બોલ્યો.

ટેરીએ નિસાસો નાખ્યો. "શરૂઆતમાં માઁ પણ એવું વિચારતી હતી."

"અને તારા પિતાજીએ શું કહ્યું?"

"હવે મારો બધો પરિવાર મારી સાથે છે," ટેરીએ ખુશીથી ઉત્તર આપ્યો. "એમણે રસ્તામાં રહેવાના ખર્ચા માટે પૈસા ભેગા કરવા ગેરેજમાં વિક્રી અને એક નૃત્યુનું આયોજન કર્યું છે. એમાં એ બહુ સફળ થયા છે."

જયારે રેલકર્મીનો સંદેહ હજી ઓછો ન થયો, તો રિકાએ કહ્યું, "મને લાગે છે કે આ એક અદ્ભૂત વિચાર છે," એણે દ્રઢતાથી કહ્યું. "હું એને માટે પ્રાર્થના કરીશ."

ટેરીએ સ્મિત કર્યું. "અને ડગ પણ મારી સાથે આવી રહ્યો છે. જયારે મેં એને જણાવ્યું તો એ જરાય આશ્ચર્યચકિત ન થયો. એણે બસ એટલું પૂછ્યું કે આપણે ક્યારે જઈ રહ્યા છીએ."



એ દિવસ જલ્દી આવી ગયો. પ્રશિક્ષણમાં 3,000 માઈલ દોડયા પછી, ટેરી કેનેડાના પૂર્વી તટ પર ન્યુફાઉન્ડલેન્ડ માટે વિમાનમાં સવાર થયો. એ સમગ્ર કેનેડામાં 5,100 માઈલ દોડવાના પડકાર માટે તૈયાર હતો.

જે દિવસે ટેરીએ દોડવાનું શરુ કર્યું, એના પરિવારે અને એના મિત્રોએ એને સવારે-સવારે ટેલિવિઝન પર જોયો.

સેન્ટ જોન્સ, ન્યુફાઉન્ડલેન્ડમાં ટેરી અને ડગ સાથે હતા. ડગ, ફોર્ડ મોટર કમ્પનીએ દાન કરેલી એક વેન ચલાવી રહ્યો હતો જેમાં ઇમ્પિરિયલ ઓઈલે દાન કરેલા ગેસનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. ટેરીએ લખેલા પત્રોએ કામ કર્યું હતું. ઘણી અન્ય કમ્પનીઓએ પણ ટેરીની મદદ કરી. મોટી કમ્પનીઓ પણ પડકારને સમજે છે. સ્પીડી અને સ્પંકી પણ એ સમજી ગયા.

12 એપ્રિલ 1980 નો દિવસ હતો. એ ઠંડી વરસાદની સવારે ટેરીએ સંવાદદાતાઓને કહ્યું કે એનો પડકાર કેન્સરના સંશોધન માટે એક લાખ ડોલર ભેગા કરવાનો છે. એને એક દિવસમાં ત્રીસ થી ચાલીસ માઈલ દોડવાની અને છ મહિનામાં પોર્ટ કોકવીટલામમાં ઘરે પાછા ફરવાની આશા હતી.

એક રિપોર્ટરે કહ્યું, "તમે બહુ આત્મવિશ્વાસવાળા લાગો છો."

"જો એ ફક્ત મારા પર અને મારા મગજ પર જ નિર્ભર હોય," ટેરીએ જવાબ આપ્યો, "તો હું બહુ સકારાત્મક દ્રષ્ટિકોણવાળો છું. મને લાગે છે કે હું એ કરી શકીશ."

"અમને પણ લાગે છે કે તું એ કરી શકીશ ટેરી," સ્પીડી અને સ્પંકીએ ધીમા અવાજે કહ્યું. "અમે બધી રીતે તારી સાથે રહેશું."

ટેરીએ એના નાના મિત્રો તરફ જોયું અને સ્મિત કર્યું.

જયારે ટેરીએ દોડવાનું શરુ કર્યું, સ્પીડી અને સ્પંકી ચર્ચા કરી રહ્યા હતા કે એ ટેરી માટે એનું કામ કેવી રીતે સરળ કરી શકે. સ્પંકી ટેરીના કૃત્રિમ પગ પર હતો અને સ્પીડી એના સારા પગ પર હતો. "ઠીક છે, ટેરી, તું મારી ઉપર બમણી વાર ઠેકડો મારીને શરુ કર," સ્પીડીએ સૂચવ્યું. "અને પછી મારી ઉપર એક લાંબુ પગલું," સ્પંકી એ કહ્યું.

"એ બહુ સારી રીતે કામ કરવું જોઈએ," ટેરીએ કહ્યું, "ચાલો અજમાવીએ."

ટેરીને દોડતો જોઈ અને એના દ્રઢ નિશ્ચયવાળા ચહેરાથી કેનેડાવાસીઓના દિલ જોશથી ભરાઈ ગયા.

લોકોએ એને પોતાના ઘરોમાં ભોજન માટે આમંત્રિત કરવાનું શરુ કર્યું. એ જે પહેલા શહેરોમાંથી દોડયો, ત્યાંથી દાન આવ્યું. દસ હજાર લોકોના એક શહેરમાંથી શાનદાર 10,000 મળ્યા.

પ્રતિ વ્યક્તિ દીઠ એક ડોલર. એ હવે ટેરીના મેરેથોન ઓફ હોપ નું સ્વપ્નું બની ગયું હતું.



પણ બધું ગુલાબી ન હતું. આગલા થોડા અઠવાડિયામાં ટેરીને બહુ નિરાશા થઈ. એ ઘણીવાર એક શહેરથી બીજા શહેર જતો હતો, પણ ત્યાં કોઈ એની રાહ જોતું ન હતું. અને એનો અર્થ હતો કેન્સર સંશોધન માટે પૈસા ન મળવા.

ક્યારેક-ક્યારેક ટેરી બહુ નિરાશ થઈ જતો હતો. પણ સ્પીડી અને સ્પંકીએ એને ખુશ કરવાનો એક કીમિયો શોધી લીધો હતો. "ચાલ ટેરી, હજી ઘણા શહેર બાકી છે," એ એને કહેતા.

ટેરી માટે દોડવું મુશ્કેલ હતું. એક વાર એને ચક્કર આવ્યા અને એનું માથું ભમવા લાગ્યું, કારણકે એના હૃદય પર ઘણું વધારે દબાણ હતું. એનાથી એ સાચે ડરી ગયો. પણ ટેરીની એક ખાસિયત હતી. એણે વેનમાં થોડો સમય આરામ કર્યો, પછી બહાર જઈને સડક પર પંદર પુશ-અપ કર્યા અને ફરી દોડવા લાગ્યો.



"બહુ સરસ," સ્પીડી અને સ્પંકીએ એને પ્રોત્સાહિત કર્યો. "બસ યાદ રાખજે, બમણી વાર ઠેકડો મારવાનું, અને પછી એક લાંબુ પગલું."

ન્યુફાઉન્ડલેન્ડમાં ટેરીના મેરેથોન ઓફ હોપે 40,000 ડોલર ભેગા કર્યા. બાળકોએ એની ખિસ્સા-ખર્ચી દાનમાં આપી, અને એક સમૂહે પોતાના સ્કૂલમાં સ્વાગત કરવા એક વિશેષ ગીત લખ્યું. ટેરીએ એને જણાવ્યું, "હું શરત લગાવીને કહી શકું છું કે તમારામાંથી થોડા લોકોને મારી હાલત પર અફસોસ થતો હશે. પણ કૃત્રિમ પગ હોવાના પોતાના થોડા ફાયદા પણ છે. મને ઘણી વાર મારા જમણા ઘૂંટણમાં વાગ્યું છે, પણ એમાં જરાય દુઃખ્યું નથી."

બાળકો હસ્યા. એને ટેરી બહુ ગમ્યો.



ટેરીને યુવાનો બહુ પસંદ હતા. ટેરીના દોડવા દરમ્યાન યુવાનો પણ એની સાથે દોડતા હતા. ટેરી એની ક્ષમતા દેખાડવા ક્યારેક બહુ તેજ ગતિથી દોડતો હતો. એ એને બતાવવા ચાહતો હતો કે એ શું કરી શકે છે. અંતે દોડવાવાળા યુવાનો થાકી જતા હતા.



હેલિફેક્સ મેઈલ સ્ટાર વર્તમાનપત્રમાં 21 મેના દિવસે ટેરી પર એક લેખ પ્રકાશિત થયો.

એમાં ટેરિના કહેવા પ્રમાણે, "એવું લાગે છે કે લોકો ભૂલી ગયા છે કે હું આ બધું શું કામ કરી રહ્યો છું. એને લાગે છે કે હું મારા અહંકારને સંતોષવા માટે સમગ્ર કેનેડામાં દોડી રહ્યો છું. હા, આ એક વ્યક્તિગત પડકાર છે, પણ હું કેન્સર સંશોધન માટે વધારે ને વધારે ધન ભેગું કરવાની કોશિશ કરી રહ્યો છું. મને લોકોના સમર્થનની જરૂર છે."

ટેરીએ પ્રિન્સ એડવર્ડ આઇલેન્ડ અને પછી ન્યુ બ્રુન્સવિકમાં દોડવાની સારી પ્રગતિ કરી. દાન આવતું રહ્યું અને ટેરી માઈલો આગળ જતો ગયો, પછી ભલે એ ગમે એટલો થાકેલો હોય.

ટેરી માટે દોડવાનું જ મુશ્કેલ હતું. પણ દિવસની દોડ પૂરી થયા પછી એને પ્રેસ કોન્ફરન્સ અને ફંડ ભેગું કરવા માટે યોજાયેલા રાત્રી ભોજનમાં પણ સામેલ થવું પડતું હતું. સૌભાગ્યથી, ડગ અને ટેરીના નાના મિત્રો, સ્પીડી અને સ્પંકી, હંમેશા એના સમર્થક તરીકે સાથે હતા.

"મને ખબર છે કે તમે થાકેલા છો, પણ જે લોકો તમારા સ્વપ્ના માટે ઘણા પૈસા દાન કરી રહ્યા છે, એ તમને વ્યક્તિગત રૂપથી જોવા ચાહે છે. તમારે એને માટે એવું કરવું જોઈએ," સ્પીડીએ ટેરીને યાદ અપાવ્યું.

ટેરીને હકીકતમાં યાદ દેવડાવવાની જરૂર ન હતી. એ એની જવાબદારીને સારી રીતે સમજતો હતો. એ દર વખતે સામેલ થયો અને મોટે ભાગે એણે એનો આનંદ પણ લીધો.

જૂનમાં ટેરી માટે એક આશ્ચર્યકારક પ્રસંગ બન્યો. એનો નાનો ભાઈ ડારેલ, મેરેથોન ઓફ હોપ માં એની સાથે સામેલ થયો. ટેરી ખુશ થયો કારણકે ડારેલ પરિવારનો જોકર હતો.

"હું શરત લગાવું છું કે તું આવું નહીં કરી શકે," ડારેલે છલાંગ લગાવતા અને એની એડી ભટકાળતા કહ્યું.

"મને નથી લાગતું કે હું એવું કરવાની કોશિશ પણ કરીશ," સ્પંકીએ ચેતવણી આપી.

ટેરી હસ્યો."હું એવી બધી પ્રવૃત્તિ ડારેલ પર છોડું છું."

ડારેલ સાથે હોવાથી ટેરીના આત્માને બળ મળ્યું, ખાસ કરીને મુશ્કેલ દિવસોમાં.

થોડા મુશ્કેલ દિવસો પણ હતા. એ દિવસો જયારે એ કોઈ પૈસા ભેગા ન કરી શક્યા. એ દિવસો જયારે બોલના આકારના કરા અને વરસાદમાં એને દોડવું પડયું. એ દિવસો જયારે એ લગભગ ગાડીઓ સાથે અથડાઈ પડયો.

પણ થોડા સારા દિવસો પણ હતા.

મોન્ટ્રિઅલમાં ચાર વ્હીલચેરવાળા રમતવીર અને એક ફૂટબોલ સ્ટાર, ડોન સ્વીટ, ટેરી સાથે સીટી હોલમાં એક સમારંભ માટે ગયા.

હોટેલોની એક આંતરરાષ્ટ્રીય શ્રુંખલાના અધ્યક્ષે બાળકોને વૈભવી રૂમમાં રહેવા દીધા. બાળકોએ એવો અનુભવ પહેલા ક્યારેય કર્યો ન હતો.

"જરા આ જુઓ," ડારેલે આશ્ચર્યથી કહ્યું, જયારે એના ટી-શર્ટ ધોલાઈઘરમાંથી પાછા આવ્યા. "દરેક ટી-શર્ટ કાગળમાં લપેટાયેલું છે, જાણે એ સાવ નવું હોય."



એ ઓન્ટેરિઓ પ્રાંત હતું જ્યાં મેરેથોન ઓફ હોપને ઘણું બળ મળ્યું. ઓન્ટેરિઓ સીમાની અંદર હૉક્સબરીમાં ટેરીનું સ્વાગત હર્ષનાદ, ફુગ્ગા અને બ્રાસ બેન્ડથી કરવામાં આવ્યું. એને ચમકતી રોશનીવાળું એક પોલીસ અનુરક્ષક પણ મળ્યું.

બે યુવાન સાઇકલ ચાલક, જિમ બ્રાઉન અને ગર્થ વોકર, કેનેડાની રાજધાની ઓટાવામાં ટેરીને મળ્યા. એ ટોરન્ટોથી ત્રેવીસ કલાકમાં ત્રણસો માઈલની સવારી કરીને 50,000 ડોલરથી વધારે દાન લઇને આવ્યા હતા જે એણે મેરેથોન ઓફ હોપ માટે ભેગા કર્યા હતા.

બીજે દિવસે ટેરીએ કેનેડા ફૂટબોલ લીગની પ્રદર્શની રમતની અધિકૃત શરૂઆત કરી. 16,000 દર્શકોની ભીડે ઉભા થઈને એનું સ્વાગત કર્યું.

ઓટાવામાં ટેરી કેનેડાના ગવર્નર જનરલ એડવર્ડ શ્રેયરને પણ મળ્યો.

તમે વિચારતા હશો કે ટેરીએ આ અવસર માટે વિશેષ કપડાં પહેર્યા હશે. નહીં, ટેરીએ એનું એ જ જૂનું ગ્રે ફ્લેનલ શોર્ટ્સ અને એનું મેરેથોન ઓફ હોપનું ટી-શર્ટ પહેર્યાં હતા. એ ચાહતો હતો કે લોકો એ યાદ રાખે કે એ ક્યા ઉદેશ્ય માટે દોડી રહ્યો હતો - કેન્સર સંશોધન.

એણે એ કપડાં ત્યારે પણ પહેર્યા હતા જયારે એ પ્રધાનમંત્રી ઇલિયટ ટ્રુડોને પણ મળ્યો હતો.

ઓન્ટેરિઓમાં, ટેરીનો ઉત્સાહ ખરેખર વધી ગયો. સ્કૂલના બાળકોએ એના ખિસ્સા-ખર્ચીમાંથી પૈસા એને દાન કર્યા. શિક્ષકોએ એના છાત્રોએ આપેલા પૈસા જેટલા જ પૈસા આપ્યા. સવારના અને વરસાદમાં પણ, લોકો ટેરીના નીકળવાની રાહ જોતા રાજમાર્ગો પર લાઈન લગાવી રહ્યા હતા.

ટેરીને જોતા જ બસ ચાલકો એની બસ રોકી લેતા હતા. એણે એના યાત્રીઓ પાસેથી ડગ કે ડારેલને આપવા માટે ધન ભેગું કર્યું. ટેરીએ પસાર થતા એનો આભાર માન્યો.

રેડીઓ સ્ટેશન અને કેનેડાના ટીવી નેટવર્ક હવે લગભગ બધો સમય ટેરીના ખબર આપી રહ્યા હતા. એક અમેરિકી નેટવર્કે પણ ટેરીની કહાણી સંભળાવી. એણે કાર્યક્રમ "રિઅલ પીપલ" માટે ટેરીની ફિલ્મ બનાવવા એક ટૂકડી મોકલી - શો ની યજમાન, સારા પુરસેલ, ટેરીની મુલાકાત લેતા એની સાથે દોડી.

ટેરી માટે સુપ્રસિદ્ધિ એક નવો પડકાર હતો. એ હવે થાકી ગયો હતો, પણ જનતા એને જોવા ચાહતી હતી. ટેરીને લોકો શોપિંગ મોલમાં ઘેરી લેતા હતા. બધા એને અડવા ચાહતા હતા, એની સાથે હાથ મિલાવવા ચાહતા હતા, એનો ઓટોગ્રાફ લેવા ચાહતા હતા.

"હું કેન્સરને પડકાર આપવાવાળો એક સાધારણ માણસ છું. આ આશાની દોડ છે, જેના વિષે તમારે વિચારવું જોઈએ, મારા વિષે નહીં," ટેરી એને યાદ દેવડાવતો હતો.

ટોરન્ટો શહેરની તદ્દન બહાર એક અદ્ભૂત આશ્ચર્ય ટેરીની રાહ જોઈ રહ્યું હતું.



ટેરી થાકી ગયો હતો અને એના દોડવા પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યો હતો.

અચાનક સ્પીડી અને સ્પંકીએ ચીસ પાડી, "અરે ટેરી, આગળ જો!"

ટેરીએ જોયું. એનો પરિવાર સડકના કિનારે ઉભો હતો. શહેરના સમાચારપત્રોમાંથી એકે એને ટેરીને મળવા માટે મોકલ્યા હતા.

આગલી થોડી મિનિટો સુધી, બધા એક-બીજાને આલિંગન આપીને રડયા અને હસ્યા અને બધા એને એક સાથે સવાલ પૂછી રહ્યા હતા. પછી, એના મગજમાં સૌથી મહત્વપૂર્ણ પડકાર સાથે, ટેરીએ ફરી દોડવાનું શરુ કર્યું. એ ઉમંગ સાથે દોડયો, એનો થાક જાદુની જેમ દૂર થઈ ગયો હતો.

બીજો દિવસ હજી એક આશ્ચર્ય લઈને આવ્યો. ઓન્ટેરિયોમાં દોડનું આયોજન કરી રહેલા બિલ વિગેર્સ એ ટેરીને પૂછ્યું હતું કે શું એ ટોરન્ટોમાં કંઈ ખાસ કરવા ચાહે છે.

"મારા હોકીના હીરો ડેરિલ સિટલર અને બોબી ઓર ને મળવાનું સારું લાગશે," ટેરીએ ઉત્તર આપ્યો. બિલે ટેરીને મસ્તી કરતા કહ્યું કે સિટલર કદાચ આવી નહીં શકે.

ટેરીની એ ખુશીની કલ્પના કરો જયારે સિટલર નાસ્તા પછી હોટેલ પહોંચ્યો. લાલ શોર્ટસ અને ટેરી ફોક્સનું ટી-શર્ટ પહેરીને, એ ટેરીના રૂમમાં આવ્યો અને સહજ રીતે પૂછ્યું, "શું કોઈને દોડવા માટે આવવું છે?"

ટેરી જયારે દોડયો ત્યારે ટોરન્ટોમાં બપોરે તાપમાન નેવું ડિગ્રી હતું. લોકોના મોટા ટોળાએ એને માટે તાળીઓ પાડી. ચર્ચમાં જતી એક લગનની પાર્ટી રોકાઈ ગઈ, અને વર-કન્યા અને પાદરી સહિત બધા જાય-જયકાર કરવામાં સામેલ થઈ ગયા. એક માણસ એટલો ભાવુક થઈ ગયો કે એણે એના બધા પૈસા દાનમાં આપી દીધા! પછી એણે બસભાડા માટે થોડા પૈસા પાછા માંગ્યા.

એટલા પૈસા દાનમાં મળ્યા કે કેન્સર સોસાઈટીના સ્વયંસેવક એને સંભાળી ન શક્યા. એટલે વધારે સ્વયંસેવકોને લાવવા પડયા. મોટી કચરાની બેગમાં પૈસા જમા કરવામાં આવ્યા. સ્વયંસેવકો ઉભી રહેલી ગાડીઓ વચ્ચે આગળ-પાછળ દોડયા જેથી ચાલકો દાન કરી શકે.

દોડ ટોરન્ટો સીટી હોલની સામે સમાપ્ત થઈ, જ્યાં હજારો લોકો ટેરીની વાત સાંભળવા ભેગા થયા હતા.

ટેરી ઘણી નામી વ્યક્તિઓ સાથે મંચ પર ઉભો હતો. ડેરિલ સિટલરે એને એનું નેશનલ હોકી લીગ ઓલ-સ્ટાર ટીમ સ્વેટર ભેટમાં આપ્યું. "હું લાંબા સમયથી રમતવીરોની આસ-પાસ રહ્યો છું," સિટલરે કહ્યું, "પણ મેં હજી સુધી ટેરી જેવા સાહસ અને સહનશક્તિ કોઈ બીજામાં જોયા નથી."

જેવો ટેરી દક્ષિણી ઓન્ટેરિયોના ભારે વસ્તીવાળા વિસ્તારમાં થઈને દોડયો, ટોળાએ ઘણું ધન દાનમાં આપ્યું.

પ્રત્યેક દિવસની દોડ બાળકો, વયસ્કો, પોલીસકર્મી, ફિલ્મવાળા, હોર્ન વગાડતી ગાડીઓ અને ડઝનબંધ દાન ભેગું કરનારા સ્વયંસેવકોની પરેડ બની ગઈ. એ બપોરના ભોજન માટે ટોરન્ટો પાછા આવતા હતા. ટેરી એના બીજા હીરો, બોબી ઓર ને મળ્યો. એક મોટી કમ્પનીએ બોબીને 25,000 ડોલર આપ્યા હતા જેથી એ ટેરીને દાનમાં આપી શકે.

ભીડ અદ્ભૂત હતી, પણ થકવી નાખે એવી હતી. ગરમી તપી રહી હતી.

જયારે ટેરી દોડી રહ્યો હતો ત્યારે બે નાના મિત્રો ઉત્સાહજનક વાતો કરતા રહ્યા. "શું તમને ખબર છે ટેરી, તમારું ઉદાહરણ લોકોને આ ખાસ ઉદેશ્યમાં સામેલ થવા પ્રેરિત કરી રહ્યું છે," એમણે કહ્યું. "એનાથી પ્રેરિત થઈને લોકો દુનિયાને વધારે સારી બનાવવા માટે કંઈક કરવાની કોશિશ કરી રહ્યા છે."

એ વાતે ટેરીને ઊંડાણથી પ્રભાવિત કર્યો. લોકોને એ રીતે પ્રેરિત કરવા એ એને માટે એક નવું લક્ષ્ય અને એક નવો પડકાર બની ગયા.



ટેરીએ થોડા લોકોને નવી ઊંચાઈએ પહોંચાડયા. ઉદાહરણ તરીકે, કેદીઓએ મેરેથોન ઓફ હોપ માટે ગાડીઓ ધોઈને 900 ડોલર ભેગા કર્યા.

ટેરી માટે પૈસા ભેગા કરવા માટે લોકોએ જે કંઈ કર્યું એ બહુ મજેદાર હતું. હેમિલ્ટનની એક વ્યક્તિએ કેળા-લીંબુ કસ્ટર્ડવાળા એક મોટા પીપમાં એકાવન કલાક બેસીને 912 ડોલર ભેગા કર્યા. બીજા એક માણસે હાથ અને ધૂંટણ પર સાડા અગિયાર માઈલ બાખોડીયા ભરીને 5,000 ડોલર ભેગા કર્યા.



દક્ષિણી ઓન્ટેરિયો છોડયા પછી ટેરી પર દબાણ ઓછું થયું. હવે દિવસો ઠંડા થઈ ગયા હતા. એ હજી પણ ભીડ, રાત્રી ભોજન અને બપોરના ભોજનમાં સામેલ થતો હતો, પણ અહીં નગર નાના અને દૂર હતા.

ટેરી એના બાવીસમાં જન્મદિવસ માટે ઓન્ટેરિયોના ગ્રેવનહર્સ્ટ શહેર પહોંચ્યો, અને ગ્રેવનહર્સ્ટએ એને જન્મદિવસની અનોખી ભેટ આપી! 5,000 ના શહેરમાં, નાગરિકોએ 14,000 ડોલરનું દાન કર્યું. આ ટેરીના દરેક કેનેડાવાસી પાસેથી એક ડોલરના દાનના સ્વપ્ના કરતા બમણું હતું.

ટેરીને બધેથી જન્મદિવસની વધાઇના તાર મળ્યા. એના ગૃહ પ્રાંત બ્રિટિશ કોલંબિયાના એક વ્યક્તિએ એને એક હજાર હસ્તાક્ષરોની શુભકામનાઓ મોકલાવી.

એ સમયે થોડા પત્રકારોએ ટેરી માટે દોડવાનું કેટલું મુશ્કેલ હતું એ સમસ્યાઓ પર લખવાનું ચાલુ કર્યું. "ટેરી, તમે જે કર્યું એ ઘણું છે," થોડા લોકોએ કહ્યું. "પણ હવે દોડવાનું છોડવાનો સમય છે."

ટેરી જાણતો હતો કે લોકોનો ભાવ સારો હતો. પણ એને માટે દોડવાનું જેટલું મુશ્કેલ થાય, એ એટલો જ મોટો પડકાર હતો. સ્પીડી અને સ્પંકી સમજી ગયા કે ટેરીને કેવું લાગી રહ્યું હશે.

"અરે સ્પીડી, હું બહુ સારું કરી રહ્યો છું!" સ્પંકીએ બૂમ પાડી. "તું કેમ છે?"

"જો, ટેરી દોડી શકે છે, તો હું પણ એ કરી શકું છું. આખરે એ માટે તો આપણે અહીં છીએ," સ્પીડીએ ઉત્તર આપ્યો.

ટેરી એ સાબિત કરવા દ્રઢનિશ્ચયી હતો કે જે લોકો એને દોડવાનું છોડવા માટે કહી રહ્યા હતા, એ ખોટા હતા. ટોરન્ટોથી જ લોકોએ એને ચેતવ્યો હતો કે ઉત્તરી ઓન્ટેરિયોમાં એક વિશેષ પહાડ એને માટે બહુ મુશ્કેલ થશે.

વેન અડધા રસ્તે ટેરીની રાહ જોઈ રહી હતી, જ્યાં એ સાધારણ રીતે થોડી વાર આરામ કરવા માટે રોકાયો હોત.

પણ જરા લોકોના આશ્ચર્યની કલ્પના કરો જયારે ટેરી વેનની બાજુમાંથી દોડતો નીકળ્યો! એણે કોઈ આરામ ન કર્યો.

"જુઓ હું ટોચ પર છું!" એણે વિજયી સ્મિત કર્યું.

"સાવ સહેલું હતું, ટેરી, સાવ સહેલું," સ્પીડી અને સ્પંકી હસ્યા.

શહેરોની અંદર અને બહાર, લોકો હજી પણ ટેરીને જોવા અને એનું અભિવાદન કરવા રસ્તાઓ અને રાજમાર્ગો પર ઉભા રહેતા હતા.

"દોડ, ટેરી, દોડ," એ બૂમ પડતા, "તું આ કરી શકે છે, ટેરી!"

પણ નગર હવે ઓછા અને એક બીજાથી ઘણા દૂર હતા. ત્યાં કોઈ માણસ દેખાતું ન હતું. ત્યાં પાસેના એક સમુદાયના ઇન્ડિયન્સથી ભરાયેલી એક પીક-અપ ટ્રક ત્યાંથી નીકળી. ઇન્ડિયન્સે હાથ હલાવીને ટેરીનું અભિવાદન કર્યું.

થોડી મિનિટો પછી એ જ ટ્રક પાછી આવી. એ વારે-વારે પાછી આવી - દરેક વખતે ટ્રકમાં બીજા લોકો હતા જે હાથ હલાવીને પ્રોત્સાહિત કરી રહ્યા હતા. ટ્રક, ટેરીને જોવા અને એનો ઉત્સાહ વધારવા લોકોને વારે-વારે લાવતી હતી.



પછી થન્ડર બે, ઓન્ટેરિયોની બહાર, ટેરીને એની છાતીમાં તીક્ષ્ણ પીડા ઉપડી.

એ શહેરની બહાર કેવળ અઢાર માઈલ દૂર હતો અને એક ઉત્સાહી ભીડ સડક પર ઉભી હતી. ટેરી એને નિરાશ કરવા ચાહતો ન હતો. એ દોડયો.

ટેરીએ આઠ માઈલની દોડ લગાવી અને પછી પંદર મિનિટ આરામ કર્યો. પણ હજી એને છાતીમાં પીડા થતી હતી. એ ઉઠયો અને પાછો થોડું દોડયો. સ્પીડી અને સ્પંકીને બહુ ચિંતા થઈ. "અમે તારી સાથે આખે રસ્તે જઈ શકીયે છીએ, પણ આ પીડા કેમ થાય છે એની તપાસ કરવી જોઈએ."

ટેરીએ ઉત્સાહભર્યા શબ્દોની પ્રશંસા કરી, પણ એ જાણતો હતો કે એ એનું આખરી માઈલ દોડી ચુક્યો હતો. એ વેનમાં ગયો અને ડગને હોસ્પિટલ લઈ જવા કહ્યું.

શું થયું હતું? શું એ ટેરીનો પગ હતો? શું એ એનું હ્રદય હતું?

આ વખતે ટેરીનો જૂનો દુશ્મન ફરી હુમલો કરી રહ્યો હતો. હવે કેન્સર એના ફેફસામાં ફેલાઈ ગયું હતું.

થોડા જ કલાકમાં, ટેરીના માતા-પિતા થન્ડર બે માં એની સાથે હતા. એને ઘરે લઈ જવા માટે એક ખાનગી જેટ તૈયાર હતું. થન્ડર બે છોડતા પહેલા એક પત્રકાર પરિષદમાં, ટેરીએ પત્રકારોને કહ્યું, "હું લડીશ, હું વાયદો કરું છું. હું હાર નહીં માનું. હું આશા કરું છું કે ફન્ડ ભેગું કરવાનું અભિયાન ચાલુ રહેશે."

અને દાન ભેગું કરવાનું ચાલુ રહ્યું!



ફક્ત પાંચ દિવસોમાં, ટેરી ફોક્સને શ્રદ્ધાંજલિ સ્વરૂપે એક રાષ્ટ્રવ્યાપી પ્રસારણ આયોજિત કરવામાં આવ્યું.

ટેરીએ પ્રસારણ જોયું અને એને એની આંખો પર વિશ્વાસ ન થયો. જોન ડેનવર, એની મરે, એલ્ટન જોન, ગ્લેન કેમ્પબેલ, ગોર્ડન લાઈટફુટ અને નાના મુસફૌરી જેવા સિતારા એને માટે ગાઈ રહ્યા હતા. કેનેડાની સર્વશ્રેષ્ઠ બેલેરિના કારેન કેઇન એ એના માટે નૃત્યુ કર્યું.

રાતના અંત સુધીમાં, કેનેડાના લોકોએ ટેરીના મેરેથોન ઓફ હોપ ને 10.5 મિલિયન ડોલરનું દાન કરવાનો વાયદો કર્યો.

ટેરીનો પોતાનો મેરેથોન ભલે પૂરો થઈ ગયો હોય, પણ મેરેથોન ઓફ હોપ ફૂલી-ફાલી રહ્યું હતું.

આગલા મહિનાઓમાં ટેરીને નવા પડકારોનો સામનો કરવો પડયો અને જેમ એણે વાયદો કર્યો હતો, એણે ઘણો સંઘર્ષ કર્યો.

એ મહિનાઓમાં ટેરીએ બાઇબલ વાંચી. "મને લાગે છે કે જો તમને ભગવાનમાં વિશ્વાસ હોય તો પછી તમે ક્યારેય હારી શકો નહીં," એણે સંવાદદાતાને કહ્યું.

શું તમને લાગે છે કે થોડા મહિના પછી લોકો ટેરી ફોક્સને ભૂલી ગયા?



જરાય નહીં! ટેરી સૌથી સન્માનિત વ્યક્તિ બન્યો. બાવીસ વર્ષની આયુમાં એ કેનેડાનો સર્વોચ્ચ નાગરિક પુરસ્કાર " કંપેનિયન ઓફ ધ ઓર્ડર ઓફ કેનેડા" મેળવવાવાળો સૌથી ઓછી ઉંમરનો કેનેડિયન નાગરિક બન્યો.

એને ઘણા અન્ય પુરસ્કાર પણ મળ્યા, જેમાંથી એક અમેરિકન કેન્સર સોસાયટીનો પુરસ્કાર પણ સામેલ હતો. ટેરીના સન્માનમાં એક ટપાલ ટિકિટ બહાર પાડવામાં આવી. એનું ચિત્ર કેનેડીયન સ્પોર્ટસ હોલ ઓફ ફેમમાં લગાવવામાં આવ્યું.

13 સપ્ટેમ્બર નો દિવસ "ટેરી ફોક્સ મેરેથોન હોપ ડે" તરીકે વર્ણવવામાં આવ્યો. દર વર્ષે એ દિવસે કેનેડાના લોકો દસ કિલોમીટર દોડે છે, અથવા ચાલે છે - કેન્સર સંશોધન માટે પૈસા ભેગા કરવા.

ટેરીને દુનિયાભરના લોકોના હજારો પત્રો અને સંદેશા મળ્યા. થોડા મહત્વપૂર્ણ લોકોના હતા, જેમકે પોપ જોન પોલ બીજા અને સંયુક્ત રાજ્ય અમેરિકાના રાષ્ટ્રપતિ જિમી કાર્ટરના. મોટે ભાગે સાધારણ લોકોના પત્રો હતા, જેના દિલને ટેરીએ જીત્યા હતા. થોડા પત્રોમાં સરનામાં માં ફક્ત ટેરી ફોક્સ, જનરલ ડિલિવરી, કેનેડા, લખેલું હતું.

ટેરી ફોક્સનું રવિવાર, 28 જૂન, 1981 ના દિવસે મૃત્યુ થઈ ગયું. આ સમાચારથી દુઃખી ન થવું મુશ્કેલ હતું. પણ યાદ રાખવાવાળી મહત્વપૂર્ણ વાત એ હતી કે ટેરીએ એના જીવ સાથે શું કર્યું.

ટેરીએ પોતાને ક્યારેય ઉદાસ થવા ન દીધો. એને બદલે, એ બહાર નીકળ્યો અને એણે પડકારોનો સામનો કર્યો.

ટેરી સમગ્ર કેનેડામાં દોડવાના એના લક્ષ્યને પૂરું ન કરી શક્યો. પણ એ લક્ષ્ય સુધી જરૂર પહોંચ્યો જે એને માટે બહુ મહત્વપૂર્ણ હતું. એણે દુનિયાભરમાં લાખો લોકોને કેન્સર સંશોધનની આવશ્યકતા માટે જાગરૂક કર્યા. એણે જેટલું વિચાર્યું હતું એનાથી ઘણું વધારે ધન એકઠું કર્યું.

"સ્વપ્ના ત્યારે બને છે જયારે લોકો કોશિશ કરે છે," ટેરીએ કહ્યું. એણે નિશ્ચિતરૂપથી એ વાતને સાબિત કરી બતાવી. એણે સાબિત કર્યું કે કોઈ પણ એક સાધારણ વ્યક્તિ, એક "નાનો માણસ", પણ પરિવર્તન લાવી શકે છે.

જો તમે તમારું સર્વશ્રેષ્ઠ આપવાનો નિર્ણય કરશો, પછી ભલે તમારી સામે ગમે તેવા પડકાર હોય, તો તમે પણ આપણા સારા મિત્ર ટેરી ફોક્સ ની જેમ પરિવર્તન લાવી શકો છો.

સમાપ્ત